# રહેજા ક્યુબીઈ જનરલ ઈન્શ્યુરન્સે કોરોના કવચ પોલિસી રજૂ કરી

મુંબઈ, ગુરુવાર

રાહેજા ક્યુબીઈ જનરલ ઈન્શ્યુરન્સ (આરક્યુબીઈ) દ્વારા હાલમાં કોરોના કવચ પોલિસી રજૂ કરવામાં આવી છે. આ નવી ઈન્ડેમ્નિટી હેલ્થ પોલિસી કોવિડ-૧૯ માટે ઉપચાર ચાહતા નાગરિકોને હોસ્પિટલાઈઝેશનને લીધે ઉદભવતા તબીબી ખર્ચ સામે રક્ષણ આપે છે. તે પોતાને માટે, જીવનસાથી, માતાપિતા સાસુ- સસરા અને નિર્ભર સંતાન માટે લઈ શકાય છે.

રહેજા ક્યુબીઈ જનરલ ઈન્શ્યુરન્સના મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ શ્રી પંકજ અરોરાએ જણાવ્યું હતું કે કોવિડ-૧૯ સર્વ સ્તરના લોકો માટે પડકાર છે. કોવિડ-૧૯ મહામારી સાથે હાલમાં ચાલતો વૈશ્વિક જંગ અનિશ્ચિતતા ઊભી કરી છે અને આવા કસોટીના સમયમાં તમારા આરોગ્યને સંરક્ષિત રાખવું અને યોગ્ય સાવચેતીઓ લેવાનું અગાઉ કરતાં વધુ મહત્ત્વપૂર્ણ બની ગયું છે. રાહેજા ક્યુબીઈ જનરલ ઈન્શ્યુરન્સમાં અમને કોરોના કવચ પોલિસી રજૂ કરીને નાગરિકોના જીવનને સહાય કરવાની તક ધરાવવાની ખુશી છે. અમે મહામારી સામે આ જંગ પ્રત્યે કટિબદ્ધ છીએ અને આ ગ્રાહક અનુકૂળ પોલિસી આવા અભૂતપૂર્વ સમયમાં પોલિસીધારકોને ગુણવત્તાયુક્ત અને પરવડે તેવી સારવાર ઉપલબ્ધ કરાવીશુ

કોરોના કવચ પોલિસી કોવિડ સંબંધી હોસ્પિટલાઈઝેશન, પુર્વ અને પશ્ચાત હોસ્પિટલ રક્ષણ, હોમ-કેર ટ્રીટમેન્ટ, રોડ એમ્બ્યુલન્સ અને આયુષ ઉપચાર માટે રક્ષણ આપે છે. પ્રોડક્ટ એડ ઓન કવર (વધારાના પ્રીમિયમની ચુકવણી પર ઉપલબ્ધ) ધરાવે છે, જેમાં પોલિસીધારકોને હોસ્પિટલ ડેઈલી કેશ તરીકે રોજ નિશ્ચિત રકમ ચુકવવામાં આવશે, જે પોલિસીની સમયગાળા દરમિયાન મહત્તમ ૧૫ દિવસ સુધી દિવસ દીઠ વીમિત રકમના ૦.૫ ટકા રહેશે. પોલિસી રક્ષણ સાડાત્રણ મહિના, સાડાછ મહિના અને સાડાનવ મહિનાની મુદત માટે ઉપલબ્ધ છે.

આરક્યુબીઈ માને છે કે ગ્રાહક સેવા કોઈ પણ વેપારમાં અત્યંત મહત્ત્વપૂર્ણ હોય છે. ગ્રાહક અનુભવને અગ્રતા આપતાં વર્ષોનાં વહાણાં વીતવા સાથે તે ઉત્ક્રાંતિ પામી રહી છે, નવી ટેક્નોલોજીઓ અપનાવી રહી છે અને ગ્રાહકો માટે પ્રક્રિયાઓ આસાન બનાવી રહી છે. ૯૦૦૦ જેટલી હોસ્પિટલોના વ્યાપક નેટવર્ક, ઝંઝટમુક્ત દાવાઓ અને પતાવટો અને અન્ય ડિજિટલી ઉપલબ્ધ સેવાઓ સાથે રાહેજા ક્યુબીઈ જનરલ ઈન્શ્યુરન્સ તેના ગ્રાહકો પ્રત્યે મજબૂત અભિગમ પ્રદાન કરે છે. કોરોના કવચ પોલિસી લઘુતમ રૂ. ૫૦,૦૦૦ની વીમિત રકમથી મહત્તમ રૂ. ૫,૦૦,૦૦૦ની વીમિત રકમ માટે ઉપલબ્ધ છે અને ગ્રાહકો વધુ વિગતો માટે કંપનીની વેબસાઈટ પર લોગ ઓન કરી શકે છે https://www.rahejaqbe.com/health-insurance/corona-kavach